सत्यमेव जयते

**ક્રિમીનલ કેસ નં. ૫૨૪૧૯/૨૦૨૫**

**<u>:: આંક–૦૧ નીચે હુકમ ::</u>**

– રેકર્ડ વંચાણે લીધુ. આ કામે આરોપી વિરુધ્ધ B.N.S. ની કલમ – **૨૨૩ તથા જી.પી.એકટ કલમ ૧૩૫** મુજબનું ચાર્જશીટ કરવામાં આવેલ.

– આરોપીને ધોરણસરની બજવણી થતા તેઓ કોર્ટ રૂબરૂ હાજર થઈ આરોપીનું નિવેદન લેવામાં આવેલ જેમાં આરોપીએ ગુનાની કબુલાત કરતા ફરીયાદપક્ષના પુરાવા માટે કેસની કાર્યવાહી આગળ ન ચલાવતા. વધુમાં આજરોજ આરોપી અદાલત સમક્ષ હાજર થઈ પોતે સ્વેચ્છાપુર્વક ગુના કબુલાત અંગેની પુરસીસ આપેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, પોતાનો પ્રથમ ગુનો છે તથા ભવિષ્યમાં ગુનો કરશે નહીં તેવી ખાત્રી આપી આ ઉપરાંત ગરીબ વર્ગના હોવાનું તથા ઘરમાં ભરણપોષણ કરનાર એક જ વ્યકિત હોવાની રજુઆત કરેલ છે.

– નામદાર કેરાલા હાઈકોર્ટના સંતોષ વિ. સ્ટેટ ઓફ કેરાલા નો ચુકાદો કે જે ૨૦૦૩(૧), કે.એલ.જે. પાના નં.૭૯૫ ઉપર પ્રસિધ્ધ થયેલ. જેમાં નામદાર કેરાલા હાઈકોર્ટ તથા નામદાર અલ્હાબાદ હાઈકોર્ટના રામકિશન વિ. સ્ટેટ ઓફ ઉત્તરપ્રદેશના ૧૯૯૬ સી.આઈ.આઈ.એલ. જે પાના નં.૪૪૬૦ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદા ઉપર આધાર રાખી ઠરાવવામાં આવેલ છે કે, આરોપી પોતાનો કેસ ચલાવવાની માંગણી પરત ખેંચી ટ્રાયલ દરમ્યાન કોઈપણ તબકકે ગુનો કબુલ કરી શકે છે. નામદાર હાઈકોર્ટના સદરહું ચુકાદાને ઘ્યાને લેતા આરોપીને નવેસરથી તેના આક્ષેપો સમજાવી જવાબ લેતા આરોપીએ કબુલાત આપેલ છે. અત્રેની અદાલતે આરોપીને સજાની જોગવાઈઓ અંગે સમજાવવા છતાં તેમજ કબુલાત કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવા છતાં આરોપીએ સ્વેચ્છાપુર્વક ગુનો કબુલ કરેલ છે અને પોતાનો પ્રથમ ગુનો છે. આ ઉપરાંત ઘરમાં કમાનાર એક જ વ્યકિત છે. ભવિષ્યમાં આવો ગુનો નહીં કરે તેવી ખાત્રી આપી રહેમ કરવા રજુઆત કરેલ છે.

– સદર કેસનું રેકર્ડ ધ્યાને લેતા આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લીધી. નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવરજી ઠાકોર, ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં.૭૧૯ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકદો વંચાણે લેતા સદર કામે આરોપીએ ગુના કબુલાતની પુરસીસમાં જણાવેલ કારણો યોગ્ય અને ન્યાયી જણાઈ આવે છે. આ કાયદાનો રીફોરમેટીવ હેતુ લક્ષમાં રાખી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુ ક મ ::**

– આ કામના આરોપી **રોહન મનસુખભાઈ મોકીયા, રહે. રાજકોટ**નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા **કલમ–૨૭૫** અન્વયે B.N.S. ની કલમ – **૨૨૩ તથા જી.પી.એકટ કલમ ૧૩૫** મુજબના સજાને પાત્ર ગુનામાં તકસીરવાર ઠરાવી મજકુર કલમના ભંગ બદલ **રૂા.૨૦૦/– (અંકે રૂપિયા બસો પુરા)** નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે. દંડની રકમ ન ભરે તો દિન–૦૩ ની સાદી કેદનો સજાનો હુકમ કરવામાં આવે છે.

– હુકમ આજરોજ તારીખ–૧૪મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

(લોક– અદાલત સ્પે. સીટીંગ)

તારીખ : ૧૪/૦૩/૨૦૨૬
સ્થળ : રાજકોટ.

( Deepesh Mittal )
૧૮માએડી.સીનીયર સીવીલ જજ તથા
એડી.ચીફ જયુ.મેજી.,રાજકોટ
**U.I.C. NO. GJ01379**

**ફોજદારી દંડની રકમ રૂા. ૨૦૦/– બસો પુરા**
**દંડની પહોંચ નં. ........... તા.૧૪/૦૩/૨૦૨૬**
**થી વસુલ લીધી.**

**ઈ.ચા. આસી.**
**ચીફ જયુડી. મેજી. કોર્ટ, રાજકોટ.**